## જાહેરનામું

**પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/ ૭૯ /૨૦૧૮,**
**તા. ૮ /૧૦ /૨૦૧૮**

હું, એ.કે.સિંઘ IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અન્વયે નારણપુરા વિસ્તારમાં વિજયનગર મેટ્રો સ્ટેશનના ચાલનાર બાંધકામ અનુસંધાને તા.૧/૪/૨૦૧૯ સુધી ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી જે હેતુસર તે વિસ્તારમાંનો નીચે જણાવ્યા મુજબનો રસ્તો એક માર્ગીય અને ડાયવર્ઝન કરવા અંગેનો હુકમ કરૂ છું.

**હુકમ :**

અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત નારણપુરા વિસ્તારમાં આવેલ સંઘવી રેલ્વે ક્રોસીંગ LC-9 પેરેરલ રોડ (નંદીગ્રામ સોસાયટી) થી વિજયનગર રેલ્વે ક્રોસીંગ તરફ જતા મેટ્રો સ્ટેશન બનાવવાની કામગીરી હાલમાં ચાલુમાં છે. જેથી ઉપરોક્ત સમગ્ર રોડ બેરીકેડીંગ કરી વાહન વ્યવહાર સારુ બંધ રહેનાર હોય ફક્ત સ્થાનિક સોસાયટીમાં રહેતા નાગરિકો જ આ રસ્તા ઉપરથી અવર-જવર કરી શકશે. તે સિવાયના વાહન ચાલકો આ રોડ ઉપરથી અવર-જવર કરી શકશે નહી.

**વૈકલ્પિક રૂટ :**

નારણપુરા વિસ્તારમાં આવેલ સંઘવી રેલ્વે ક્રોસીંગ LC-9 પેરેરલ રોડ (નંદીગ્રામ સોસાયટી) થી વિજયનગર રેલ્વે ક્રોસીંગ તરફ જવા માટે વર્ણરાજ કો.ઓ.હા.સો.લી. ની સામેથી ડાબી તરફ વળી સીધા આગળ જઇ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન કચેરીથી ડાબી તરફ વળી તિર્થનકર એપાર્ટમેન્ટથી જમણી તરફ વળી વિજયનગર રેલ્વે ક્રોસીંગ તરફ જઇ શકાશે.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ જાહેરનામું પ્રસિદ્ધ થયેથી તા.૧/૪/૨૦૧૯ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૮ /૧૦/૨૦૧૮ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

તા. ૮/૧૦/૨૦૧૮
અમદાવાદ શહેર

**( એ.કે.સિંઘ )**
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.